

# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

(૧) ગુજરાતી સાહિત્યપરિષદ અને જયન્તિ દલાલ સ્મૃતિસમિતિના સંયુક્ત ઉપક્રમે રવિવાર તા. ૨૪-૮-૨૦૦૮ના રોજ સાંજે રા. વિ. પાઠક સભાગૃહમાં વક્તવ્ય અને દશ્યશ્રાવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રાજેશ શાસ્ત્રીએ 'જયન્તિ દલાલ : જીવણપોળ અને બાપા શાસ્ત્રીની ખડકી' વિશે પોતાની કિશોરાવસ્થા-તરુણાવસ્થા દરમ્યાનના શ્રી જયન્તિ દલાલ સાથેનાં અનુભવો અને સ્મરણોની રસભરી વાતો કરી. શ્રી પ્રકાશ શાહે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. તે પછી શ્રી પ્રવીણ પંડ્યા સંકલિત-દિગ્દર્શિત એવા શ્રી જયન્તિ દલાલના સાહિત્ય પર આધારિત નાટ્યાત્મક દશ્યોની પ્રસ્તુતિ કરવામાં આવી : 'બંદાના બોલ'. દશ્યકલા દ્વારા શ્રી જયન્તિભાઈના વિચારો પામવાની અને માણવાની શ્રોતાઓને સુંદર તક સાંપડી. શ્રી મનસુખ સલ્લાએ આભારદર્શન કર્યું.

(૨) ગુજરાતી સાહિત્ય પરિષદ અને પ્રગતિ મિત્ર મંડળ (મુંબઈ – બોરીવલી – કાંદીવલી)ના સંયુક્ત ઉપક્રમે 'કવિઓની નવાજૂની' કાર્યક્રમનું આયોજન તા. ૩૧-૮-૨૦૦૮ના રોજ કરવામાં આવ્યું. શ્રી ધીરુબહેન પટેલે સૌનું સ્વાગત કર્યું હતું. પ્રગતિના ઉપપ્રમુખ પ્રો. અનંતરાય બી. મહેતાએ કવિમિત્રો શ્રી દિલીપ ઝવેરી, શ્રી ઉદયન ઠક્કર, ડૉ. હેમેન શાહ, શ્રી હિતેન આનંદપરા, શ્રી વિવેક કાણે, કુ. આશા પુરોહિત અને શ્રીમતી ઉર્વશી પંડ્યાને મંચ પર આમંત્રિત કર્યા બાદ આ કાવ્યગોષ્ઠિનો દોર શ્રી મુકેશ જોષીને સોંપ્યો હતો. દરેક કવિએ પોતાની કૃતિનું પોતાની આગવી રીતે પઠન કરી સૌને મુગ્ધ કર્યા. બાળકલાકારો કુ. રાઘવ જોષી અને કુ. સૌમ્ય આનંદપરાએ પણ પોતાની કૃતિઓ રજૂ કરી. 'વડલો' વિભાગના વડીલો તરફથી બાળકસબીઓને પ્રમુખ શ્રી લીલાધરભાઈ દ્વારા પારિતોષિકો અપાયાં હતાં. શ્રી એ. બી. મહેતાએ આભારદર્શનમાં શ્રી ધીરુબહેન પટેલ, શ્રી વર્ષાબહેન અડાલજા અને શ્રી ઉદયન ઠક્કરની જહેમતને વિશેષે બિરદાવી હતી.

(૩) રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે ''રવીન્દ્ર-સંગીત : વર્ષાગીતો'' કાર્યક્રમનું આયોજન તા. ૩-૯-૨૦૦૮ ને બુધવારે સાંજે પરિષદભવનમાં થયું હતું. વર્ષાગીતોનું શ્રી શૈલેષ પારેખે કરેલું recording મૂકવામાં આવ્યું હતું. વર્ષાગીતો સાંભળી સૌનાં હૃદય પણ ભીનાં ભીનાં થયાં હતાં.

(૪) ગુજરાતી સાહિત્ય પરિષદની 'આપણો સાહિત્યવારસો' શ્રેણીમાં તા. ૫-૯-૨૦૦૮ના રોજ સાંજે મલયાળમ્ અને અંગ્રેજીના કવિ શ્રી કે. સચ્ચિદાનંદન્ (પૂર્વસચિવ, સાહિત્ય અકાદેમી, દિલ્હી)ના કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાયો. એમણે મલયાળમ્ કાવ્યોનાં પોતે જ કરેલા અંગ્રેજી-હિંદી અનુવાદોનું પઠન કર્યું. કાવ્યના વિષયોનાં વૈવિધ્યે સૌનું ધ્યાન ખેંચ્યું. શ્રી ભોળાભાઈ પટેલે અધ્યક્ષસ્થાનેથી આ કાવ્યોનું ટૂંકમાં જ સુંદર વિવરણ કર્યું. શ્રી રાજેન્દ્ર પટેલે પરિચય આપ્યો. શ્રી અનિલા દલાલે આભારદર્શન કર્યું.

(૫) પરિષદ અંતર્ગત શ્રી એચ. એમ. પટેલ અનુવાદ કેન્દ્રના ઉપક્રમે શ્રી પ્રદીપ

ખાંડવાલા દ્વારા અંગ્રેજીમાં અનૂદિત ગુજરાતી કવિઓનાં કાવ્યોના સંગ્રહ 'Beyond the Beaten Track'નો લોકાર્પણવિધિ તા. ૬-૯-૨૦૦૮ના રોજ પરિષદભવનમાં યોજાયો. મલયાળમ્ અને અંગ્રેજીના કવિ શ્રી કે. સચ્ચિદાનંદન્ આ લોકાર્પણ માટે દિલ્હીથી આવ્યા હતા અને તેમણે તેમના વક્તવ્યમાં કવિતા અને કાવ્યશાસ્ત્ર વિશે મંતવ્યો રજૂ કર્યાં અને પછી પુસ્તક-અનુવાદ-કાવ્યપસંદગી વિશે પોતાનાં નિરીક્ષણો જણાવ્યાં. અતિથિવિશેષ શ્રી નિરંજન ભગતે અનુવાદક પ્રદીપભાઈની અનુવાદપદ્ધતિ તેમજ તે ક્ષેત્રનાં તેમનાં કાર્યની વિગત આપી. શ્રી પ્રદીપભાઈએ પણ પોતે કરેલી કાવ્યોની પસંદગી અને અનુવાદ વગેરે વિશે જણાવ્યું. આ projectની વિશેષતા એ હતી કે લગભગ દરેક ગુજરાતી કવિ સાથે અનુવાદક પ્રદીપભાઈ વિમર્શ માટે બેઠા હતા અને કાવ્યના અર્થને કવિ પોતે કેવી રીતે મૂકવા ધારે છે તે જાણી-સમજી અનુવાદ કર્યા હતા. લગભગ પંદરેક કવિઓએ સ્વરચનાનું પઠન કર્યું અને પ્રદીપભાઈએ તે તે રચનાના અનુવાદનું પઠન કર્યું. અધ્યક્ષસ્થાનેથી શ્રી ધીરુભાઈએ આ આખીયે પ્રક્રિયાની પ્રશંસા કરી અને ભાવિ માટેની આશા સાથે શુભેચ્છાઓ પાઠવી. સ્વાગત અને પરિચય અનિલા દલાલે આપ્યાં. આભારવિધિ અનુવાદકેન્દ્રનાં સંયોજક રાજેન્દ્ર પટેલે કરી.

પુસ્તકનું પ્રકાશન ગુજરાતી સાહિત્ય પરિષદે કર્યું છે. હજીરા એલએનજી પ્રા. લિ. અમદાવાદના શ્રી નીતિનભાઈ શુક્લે સમગ્ર પ્રૉજેક્ટને અનુદાન આપ્યું હતું. (આ આવૃત્તિ દ્વિભાષી છે)

(૬) ગુજરાતી સાહિત્ય પરિષદ અને શિક્ષણ મહાવિદ્યાલય – ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨-૯-૨૦૦૮ના રોજ શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠના ખંડમાં શ્રી વ્રજલાલ દવે – શિક્ષણવિષયક વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનનું આયોજન થયું. શ્રી મોતીભાઈ મ. પટેલે એમની રસવાહી શૈલીમાં 'શાળાને રળિયામણી બનાવીએ' એ વિષય પર વક્તવ્ય આપ્યું. ઈ-આચાર્ય, ગૂ. વિદ્યાપીઠના શ્રી ભરત જોશીએ આરંભમાં સ્વાગત અને પરિચય આપ્યાં. પ્રિ. શ્રી મોહનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## 'નવોદિત સર્જકો સાથે સંવાદ'

તા. ૧૨-૯-૦૮ના રોજ લુણાવાડા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કોમર્સ કૉલેજમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ પ્રેરિત 'નવોદિત સર્જકો સાથે સંવાદ' પ્રવૃત્તિ અંતર્ગત ટૂંકી વાર્તા પર એકદિવસીય સંવાદ થયો. પરિષદના શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી દીવાન ઠાકોર અને ગુજરાતી સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી કિરીટભાઈ દૂધાતે પંચમહાલ અને દાહોદ જિલ્લાના નવોદિત વાર્તાકારો સાથે વાર્તાપાઠ બાદ જરૂરી પ્રેરક અને માર્ગદર્શક કથનો કર્યાં. સર્જન અને પરિશીલન અંગે વાકેફ કર્યા. કુલ સોળ વાર્તાપાઠ થયા, જેમાં પ્રા. વિનોદ ગાંધી, પ્રા. જૈમિન શાસ્ત્રી, ત્રિલોક મહેતા, મધુકર જોષી અને હસમુખ પરમારની વાર્તાકૃતિઓ ધ્યાનપાત્ર રહી. યજમાન કૉલેજના આચાર્ય ડૉ. કે. પી. પટેલ અને પ્રા. કાનજી પટેલે પણ સંવાદમાં પ્રેરક સહયોગ કર્યો. સંવાદનું સંચાલન પરિષદની પ્રવૃત્તિના સંયોજક નરેન્દ્રભાઈ જોશીએ કર્યું.

**એન. પી. જોશી**
પ્રવૃત્તિ સંયોજક



## પાક્ષિકી

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સંચાલિત 'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૪-૯-૨૦૦૮ની સાંજે શ્રી અનિલ વ્યાસે તેમજ તા. ૧૮-૯-૨૦૦૮ની સાંજે શ્રી કલ્પેશ પટેલે તેમની અપ્રગટ વાર્તાઓનું પઠન કર્યું હતું. અનિલ વ્યાસની વાર્તામાં અશુભ ઘડીમાં જન્મેલી હોવાને કારણે સતત ઉપેક્ષા પામતી યુવતીની પીડા-વ્યથા તેમજ બદલાતાં કુટુંબીજનોનું વસ્તુ હતું. કલ્પેશ પટેલની 'જાત' વાર્તામાં ઑફિસમાં નવી આવેલી કર્મચારી નિમિષાને જોઈને પ્રગટ થતી ભલસાણીની માનસિકતા દ્વારા અન્તે મનુષ્યના ખોખલાપણાને પ્રગટ કરવાનું લક્ષ્ય હતું. બંને વાર્તાઓ વિશે ઉપસ્થિત ભાવકો દ્વારા ઝીણવટપૂર્વક ચર્ચા થઈ હતી. વાર્તાનો અન્ત, વસ્તુ-સામગ્રીની પ્રતીતિકરતા, કથનકેન્દ્ર, રચનારીતિ, ભાષા જેવા મુદ્દાઓ વિશેષ ચર્ચાયા હતા.

તા. ૧૬-૧૦-૨૦૦૮ ગુરુવારની સાંજે શ્રી વિજય સોની તેમની અપ્રગટ વાર્તાનું પઠન કરશે. રસ ધરાવનાર સૌને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

## પરિષદદર્શન – પરિચય

તા. ૯-૯-૦૮ના રોજ એચ. કે. આર્ટ્સ કૉલેજનાં અધ્યાપકો સર્વશ્રી સંજય ભાવે, જાગૃતિબહેન પંડ્યા તેમજ ગ્રંથપાલ તોરલ પટેલ એમના 'સ્ટુડન્ટ રીડિંગ ક્લબ'ના વિદ્યાર્થીઓ સાથે, તા. ૧૩-૯-૦૮ના રોજ આર. એચ. પટેલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજનાં અધ્યાપકો સર્વશ્રી અરુણાબહેન ઠાકર, સુશીલાબહેન ભટ્ટ અને દિવ્યેશ ભટ્ટ તેમનાં ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓને, તા. ૧૬-૯-૦૮ના રોજ એચ. કે. આર્ટ્સ કૉલેજના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓને લઈને સર્વશ્રી કાંતિભાઈ પટેલ, નલિનીબહેન દેસાઈ તેમજ શ્રદ્ધાબહેન ત્રિવેદી આવ્યાં હતાં. પરિષદના વિવિધ વિભાગોમાં તેમને લઈ જઈ પારુલ દેસાઈએ વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. શ્રી રાજેન્દ્રભાઈ પટેલ અને શ્રી રમેશ ર. દવેએ વિદ્યાર્થીઓને રસ પડે એ રીતે વક્તવ્યો આપ્યાં હતાં. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રાજેન્દ્ર શાહ અને મનુભાઈ પંચોળી 'દર્શક' વિશેની ટૂંકી દસ્તાવેજી ફિલ્મો જોઈ હતી.

## પારિતોષિક વિતરણ

ઍનીબહેન સરૈયાલેખિકા પ્રોત્સાહન નિધિના ઉપક્રમે યોજવામાં આવેલી નિબંધસ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે :

પ્રથમ ઇનામ : કાલિન્દી પરીખ
દ્વિતીય ઇનામ : (અ) કલ્પના દેસાઈ
(બ) પન્ના અધ્વર્યુ
તૃતીય ઇનામ : (અ) પ્રજ્ઞા પટેલ
(બ) નીલમ જોશી

તા. ૧૧-૧૦-૨૦૦૮ના રોજ મુંબઈ મુકામે પારિતોષિકવિતરણ સમારંભ યોજવામાં આવ્યો છે. પ્રમુખસ્થાને શ્રી કુમારપાળ દેસાઈ અને અતિથિવિશેષ શ્રીમતી તરલા દલાલ રહેશે. શ્રીમતી ધીરુબહેન પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો છે. નિર્ણાયકો તરીકે શ્રીમતી નન્દિની ત્રિવેદી અને શ્રીમતી તરુ કજારિયાએ સેવાઓ આપી છે.

### 'પરબ'ના પરદેશના ગ્રાહક માટે

૧લી સપ્ટે.થી પોસ્ટના દરમાં ખૂબ વધારો અમલમાં આવ્યો હોવાથી, Air-mail અને Sea-mailનો પોસ્ટેજ ખર્ચ નીચે મુજબ રહેશે. 'પરબ'ના પરદેશના ગ્રાહકોને આ મુજબની રકમ સત્વરે મોકલી આપવા વિનંતી : એક વર્ષ માટે : Air-mailનો પોસ્ટેજ ખર્ચ – રૂ. ૭૦૦/-. Sea-mailનો પોસ્ટેજ ખર્ચ – રૂ. ૩૬૦/-. ગુજરાતી સાહિત્ય પરિષદના નામનો ચેક અમદાવાદનો ૩૧ ડિસેમ્બર '૦૮ પહેલાં મોકલી આપવા વિનંતી. સૌ ગ્રાહકોએ gspamd@vsnl.net ઉપર પોતાનું email address અવશ્ય મોકલી આપવા વિનંતી.

### રાજીનામું

ગુજરાતી સાહિત્ય પરિષદના મધ્યસ્થ સમિતિના સભ્ય શ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ પરિષદ સાથેના સૈદ્ધાન્તિક મતભેદોને કારણે તા. ૨૧-૭-૨૦૦૭ના રોજ રાજીનામું આપ્યું હતું તે તા. ૨-૩-૨૦૦૮ની મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠકમાં મંજૂર કરવામાં આવ્યું હતું.

– વહીવટી મંત્રી

❐

## સૌ સાહિત્યકારોને વિનંતી

સુજ્ઞશ્રી,

વંદન. આપ સૌ જાણતાં જ હશો કે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના સાતમા ગ્રંથનું લેખન અને સંપાદનકાર્ય હાલ ચાલે છે. આ ગ્રંથમાં સમાવેશ પામનારા નાનામોટા ૧૪૬૪ સાહિત્યકારોની નામસૂચિ સાથે, 'પરબ'ના ૨૦૦૭ના મે મહિનાના અંકમાં એ સાહિત્યકારોને વિનંતી કરી હતી કે નામસૂચિના આરંભે છાપેલા માહિતીપત્રકમાં દર્શાવ્યા મુજબ એમના વિશેની માહિતી વિગતવાર લખી મોકલીને આભારી કરે. તેના પ્રતિભાવ રૂપે કેટલીક પ્રાથમિક માહિતી ઉપલબ્ધ થઈ છે, પરંતુ કોઈપણ સાહિત્યકાર વિશેના ઇતિહાસઆલેખમાં, એમનું સાહિત્યિક વ્યક્તિત્વ શી રીતે ઘડાયું અને એમના પરિવાર તેમજ શાળા-મહાશાળાએ, એમનાં શિક્ષક-અધ્યાપક તથા મુરબ્બી મિત્રો અને વાચનવ્યાસંગે શો પ્રભાવ સર્જ્યો – એ વાતનો નિર્દેશ થવો જોઈએ. એમ થાય તો જે-તે સાહિત્યકારની રચનાઓની સામગ્રી અને શૈલીની વિશેષતાઓ પ્રમાણવા-પરખવામાં ઉચિત સહાય મળે.

'સુન્દરમ્', ઉમાશંકર જોશી અને નિરંજન ભગત જેવા મૂર્ધન્ય સર્જકો વિશેની આવી માહિતી, એમના વિશે લખાયેલા લેખો, એમણે આપેલી સર્જક-કેફિયતો, મુલાકાત-પ્રશ્નોત્તર વગેરે રૂપે 'તપોવન', 'કવિનો શબ્દ', 'થોડુંક અંગત' અને 'સ્વાધ્યાયલોક : ૮ : અંગત' જેવાં સર્જકલક્ષી પુસ્તકોમાંથી મળી રહે છે. પરંતુ સૌ સાહિત્યકારોની આવી માહિતી-સામગ્રી ઉપલબ્ધ બનતી નથી. આમ હોઈને, 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના પાંચમા-છઠ્ઠા ગ્રંથમાં સમાવેશ ન પામેલા એવા, ૧૯૩૦થી ૧૯૫૦ દરમ્યાન જન્મેલાં સૌ સાહિત્યકારો એમના સર્જકવ્યક્તિત્વના ઘડતર વિશેની સમુચિત માહિતી નીચેના સરનામે મોકલી આપે તેવી વિનંતી છે : નિયામક, કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમમાર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯